ગાંધીનગર સમાચાર

# હિંમતનગરમાં નારાજ કોંગી કાર્યકરો દ્વારા કાર્યાલયમાં તોડફોડ





હિંમતનગર, તા. ૩૦
સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે હિંમતનગર બેઠક માટે કોંગ્રેસ દ્વારા છેક છેલ્લી ઘડી સુધી ગોપનીયતા રાખવામાં આવ્યા બાદ ભાજપમાંથી કોંગ્રેસમાં આવેલ રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડાને ટીકીટ ફાળવવામાં આવતા દાવેદારો અને કાર્યકરોનો રોષ તમામ સીમાઓ પાર કરી દીધી હતી અને આજે તા. ૩૦-૧૧-૧૨ના રોજ ફોર્મ ભરવા માટે આયોજન થઈ રહ્યુ હતું ત્યારે પૂર્વયોજિત આયોજન મુજબ જ કોંગ્રેસ કાર્યાલય ઉપર નારાજ કાર્યકરો અને દાવેદારોએ દેકારો મચાવ્યો હતો. અને ખુરસી ટેબલ વગેરે જેવા ફર્નિચરની તોડફોડ કરી ગાલી-ગલોચ કરી હતી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલને ધક્કે ચઢાવી વીસેક મીનીટ સુધી રીતસરનું તોફાન મચાવ્યું હતું. ઘટનાને પગલે સ્થાનિક કોંગ્રેસમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા અને પટેલ-ક્ષત્રિય દાવેદારો-ટેકેદારોનો રોષ જોવા મળ્યો હતો.

ઉલ્લેખનીય રીતે એક કોંગ્રેસ ઉમેદવારે અપક્ષ ફોર્મ ભર્યું હોવાનું જાણવા મળે છે. ક્ષત્રિય-ઠાકોર સમાજનું પ્રતિનિધિત્વ કરતા આ ઉમેદવારોને કારણે જ્ઞાતિનું સમીકરણ રોળાઈ જાય તો નવાઈ પામવા જેવું નહિ રહે. હિંમતનગર બેઠક ઉપર સમગ્ર જિલ્લામાં સૌથી વધુ ૩૮ ફોર્મ ભરાયા છે અને ૩૧ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં એક ઉમેદવારે કોંગ્રેસના ડમી તરીકે ઉમેદવારી નોંધાવી છે. તા. ૩૦-૧૧-૧૨ના રોજ ચાવડા (૧) રાજેન્દ્રસિંહ રણજીતસિંહ - ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (૨) ચાવડા પ્રદ્યુમનસિંહ રાજેન્દ્રસિંહ - ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, (૩) બલોચ ઈમરાનખાન હેરૂખાન - સમાજવાદી પાર્ટી, (૪) સંઘાણી આશીકભાઈ સત્તારભાઈ - અપક્ષ (૫) વાઘેલા ઉદસિંહ બાદરજી - અપક્ષ (૬) ચૌહાણ ભીમસિંહ લક્ષ્મણસિંહ - ગુજરાત પરિવર્તન પાર્ટી (૭) પરમાર સરદારસિંહ ભવાનસિંહ - અપક્ષ (૮) ચમાર પશાભાઈ જીવાભાઈ - લોક જનશક્તિ પાર્ટી (૯) ભુરા આબીદઅલી ગુલામહુસેન - અપક્ષ (૧૦) રાઠોડ રામસિંહ પરબતસિંહ - અપક્ષ, (૧૧) પટેલ હીનાબેન ગોરધનદાસ - અપક્ષ, (૧૨) સૈયદ અકબરઅલી ગુલામરસુલ - અપક્ષ (૧૩) પટેલ તેજ અનિલભાઈ - ઈન્ડીયન જસ્ટીસ પાર્ટી ઉમેદવારી નોધાઈ હતી.

## સમાચાર ઝલક

- ઉત્તરપ્રદેશ મહિલાઓ ઉપર અત્યાચાર મામલે પ્રથમ ક્રમે.
- ચૂંટણી દરમિયાન મોટા પાયે વિદેશી દારૂ ઘૂસાડવાની પેરવી.
- મારા માટે આ વર્ષ ઉત્તમ રહ્યું છે : સાયના નેહવાલ.
- એન્જેલિના સાથે ટૂંકમાં જ બ્રાડપીટ લગ્ન કરશે.
- લશ્કર એ તૈયબાની ધમકીથી ગુજરાતમાં એલર્ટ.
- સૂરતમાં હીરા કારોબારમાં ૫૫ કરોડનો ફટકો પડ્યો.
- શુભ મુર્હૂતોમાં લગ્નસરાની મોસમ પુરબહારમાં, વાડીઓ, પાર્ટી પ્લોટો, હોટલોનાં બુકીંગ ફુલ.
- ચૂંટણી પહેલાં ધો-૧૧ સાયન્સ સેમેસ્ટર-૩નું પરિણામ આવશે.
- મિલકતોના ભાવ ઘટશે? રિયલ એસ્ટેટના લોન નવા-જૂની કરવા પર રિઝર્વ બેંકે દબાણ વધાર્યું.
- ફેસબુક ગર્લ શાહિન શાંતિથી રહેવા મહારાષ્ટ્ર છોડી ગુજરાતમાં રહેવા આવી.
- મોંઘવારી બોમ્બ : સર્વિસ ટેક્ષ, એકસાઇઝ વધશે.
- આવી રહી છે બેન્ક એકાઉન્ટ નંબર પોર્ટબિલીટી યોજના.
- ડિસેમ્બરમાં પાંચ શનિ, રવિ, સોમ, અનોખો સંયોગ, દાયકાઓમાં જ્વલ્લે બનતી ઘટના.
- રાજ્ય કેન્દ્રના કોઇ મંત્રીનો યુનિયનમાં હોદ્દો ના લઇ શકે.
- મતદાન સ્લીપના આધારે પણ મતદાન કરી શકાશે : ચૂંટણીપંચનો આદેશ.
- કાશ્મીર-હિમાલય પ્રદેશમાં હિમવર્ષા.
- તલાશ ફિલ્મની ધમાલ : પ્રદર્શિત પૂર્વે જ ૧૩૫ કરોડની કમાણી.
- ૧લી ડિસેમ્બરે 'વિશ્વ એઇડ્ઝ દિવસ'ની ઉજવણી.
- ૨૦૧૨ના અંત સુધીમાં ગુજરાતમાં ૧૫૦૦ કરોડની લકઝરી કાર વેચાણનો અંદાજ, લોકોમાં કાર ખરીવવાનો ક્રેઝ.
- મોબાઇલ પર મિસ્ડ કોલ આવે અને બેલેન્સ કપાય તો '૧૫૦૩' પર ફરિયાદ નોંધાવો.



(તસવીર : સમીર બલોચ, બાયડ)

## કોગ્રેસના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલાએ આજે ટેકેદારો સાથે ઉમેદવારી ફોર્મ ભર્યુ

છેલ્લા કેટલાયે દિવસથી બાયડ ૩ર વિધાનસભા ના કોગ્રેસ નો ઉમેદવાર તરીકે મહેન્દ્રસિંહ શંકરસીંહ વાઘેલા નુ નામ ચર્ચાતુ હતુ પરંતુ ગઈકાલે વિધીવત રીતે મહેન્દ્રસિંહ વાઘેલા કોગ્રેસ પક્ષ તરફથી મેન્ડેટ મળતા આજે તેમણે વિધીવત રીતે તેમણે તેમના ટેકેદારો સાથે બેન્ડ વાઝા સાથે ૧૨.૩૯ ના મહુર્તે ઉમેદવારી ફોર્મ ભર્યુ હતુ તેમજ આજે કોગ્રેસ કાર્યાલય ખાતે આજે મહેન્દ્રસિંહ વાઘેલા ને ટેકો આપવા માટે જનમેદની ઉમટી પડ હતી તેમજ કોગ્રેસ કાર્યાલય પર જાણે આજે જીત નો જશ્ન મનાવયો હોય તેવો માહોલ દેખાઈ રહયો હતો મહેન્દ્રસ્હ વાઘેલા આજે બપોરે કોગ્રેસ કાર્યાલય થી રેલી સ્વરૂપે સરઘસ કાઢી તેમના ટેકેદારો સાથે બાયડ પ્રાંત ઓફીસે પહોચી પ્રાંત અધિકારી સીધ્ધીબહેનને બરોબર ૧૨ ૩૯ સમયે ઉમેદવારી ફોર્મ રજુ કર્યુ હતુ જયારે મહેન્દ્રસિંહ વાઘેલા કોગ્રેસ ના ઉમેદવાર જાહેર થજતાંજ કોગ્રેસ ની છાવણી માં આનંદ નો માહોલ સર્જાયો હતો જયારે અત્રે ઉલ્લેખનીય છે ગઈકાલે ભાજપના ભુતપુર્વ તાલુકા પંચાયત નાપ્રમુખ ચુનીભાઈ પટેલે ભાજપ માં થી ઉમેદવારી નોધાવતા ભુકંપ સર્જાયો હતો જયારે આજે બાયડ વિધાનસભા ની સીટ ઉપર થી કોગ્રેસ માં થી બે વખત ધારાસભ્ય બની ચુકેલા અને હાલ માં પક્ષ પલટો કરી ભાજપ માં જોડાયેલા રામસિંહ રુપસ્હ સોલંકી એ પણ આજે પોતાના ટકેદારો સાથે અપક્ષ તરીકે ઉમેદવારી નોધાવતા આજે બાયડ તાલુકા ભાજપ ને બીજો એક મોટો ફટકો પડયો હતો આ રીતે ભાજપના બેબે નેતાઓ એ અપક્ષ માં ઉમેદવારી કરતાં ભાજપા ના નેતાઓને રીતસરના ત્દોડતા કરી દીધા હતા જયારે હાલ તો ભાજપા દ્રારા આ બન્ને ઉમેદવારો ને મનાવવાના પ્રયાસ થઈ રહયા છુ ત્યારે જોવુ રહયુ કે ફોર્મ ખેચવાના દિવસે કોણ કેટલા પાણી માં રહેશે તે તો આવનારો સમય જ બતાવશે.

## મહેસાણામાં બંને પક્ષોમાં અસંતોષની આગ

મહેસાણા, તા. ૩૦
રાજયમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી સંદર્ભે ભાજપ અને કોંગ્રેસે ઉમેદવારો નક્કી કરતાં મહેસાણા જિલ્લામાં બંને પક્ષે અસંતોષની આગ ભભૂકી ઉઠી છે.

મહેસાણા જિલ્લામાં નવા સિમાંકન મુજબ યોજાનાર ચૂંટણીમાં મહેસાણા, ઊંઝા, વિસનગર, ખેરાલુ, વિજાપુર, બેચરાજી અને કડી (અ.જા.) કુલ સાત બેઠકો છે. નવા સિમાંકન પ્રમાણે જિલ્લામાં જોટાણા (અ.જા.) સીટ રદ થયેલ છે અને નવી બેચરાજી સીટ અસ્તિત્વમાં આવી છે. જ્યારે કડીની અગાઉની સામાન્ય બેઠક હવે અનામત સીટમાં ફેરવાઈ ગયેલ છે. ગત ૨૦૦૭ની ચૂંટણીમાં જિલ્લાની સાતેય સીટો પર ભાજપના ઉમેદવારો વિજયી થયા હતા.

દરમિયાન અને ૨૦૧૨ની આ વખતની ચૂંટણીમાં મહેસાણા બેઠકના સીટીંગ ધારાસભ્ય (ભાજપના) અનિલ પટેલે ચૂંટણી લડવા અનિચ્છા દર્શાવતાં આ બેઠક પર કડીની બેઠક અનામત થવાથી ત્યાંના સીટીંગ ધારાસભ્ય અને પ્રધાન નીતિનભાઈ પટેલને ભાજપની ટિકિટ ફાળવાયેલ છે. જ્યારે જૂની જોટાણા (અ.જા.) બેઠક રદ થતાં સીટીંગ મહિલા ધારાસભ્ય જસોદાબેન પરમાર કપાયા છે. આ વખતની ચૂટંણીમાં ઊંઝા, વિસનગર વિજાપુર અને ખેરાલુ સીટના સીટીંગ ધારાસભ્યોને ભાજપે રીપીટ કરીને ટિકિટ આપી છે. વધુમાં કડી (અ.જા.) બેઠક પર ગુજરાતી ફિલ્મી કલાકાર હિતુ કનોડીયાને ભાજપે ટિકિટ ફાળવેલ છે. જેથી આ બેઠકો પર ચૂંટણી લડવા દાવેદારી કરનારા તેમજ અન્ય કેટલાયે કાર્યકરોમાં અંદરખાનગી નારાજગી ફેલાઈ છે. આ સાથે જિલ્લાની બેઠકો પર કોંગ્રેસ દ્વારા ખાનગી રાહે ઉમેદવારો નક્કી કરી દેતાં કોંગ્રેસમા આંતરિક ધમાસણ શરૂ થયું છે.જિલ્લાની મહત્વની સીટો પર ચૂંટણી લડવા માંગતા કોંગ્રેસના આગેવાનો, સક્રિય કાર્યકરોની ટિકિટો કપાઈ છે. જેથી પાર્ટીમાં રાજીનામા અને બળવા જેવી સ્થિતિ ઉભી થઈ છે.

## ઊંઝા કોંગ્રેસમાં ભડકો

ઊંઝા, તા. ૩૦
ઊંઝાના કોંગ્રેસ અગ્રણી અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના ડેલીગેટ કા.મુ. પટેલને ઊંઝા વિધાનસભા સીટ પર ટિકીટ ન અપાતાં તેમણે તથા અન્ય હોદ્દેદારો કાર્યકરોએ નારાજ થઈને કોંગ્રેસમાંથી રાજીનામા આપી દેતાં સ્થાનિક કોંગ્રેસમાં ભડકો થયો છે.

ઊંઝાના કોંગી અગ્રણી ને પ્રદેશ કોંગ્રેસના સમિતિના ડેલીગેટ કાન્તિભાઈ એમ. પટેલે ઊંઝા વિધાનસભા સીટની યોજાનાર ચૂંટણીમાં ટિકિટ માટે દાવેદારી કરી હતી. આ અગાઉ પણ તેમણે વિધાનસભા ચૂંટણી લડવા ટિકિટ માગી હતી પરંતુ પાર્ટી દ્વારા ટિકિટ ન આપવા છતાં પાર્ટીના અદના કાર્યકર તરીકે કાયમી ફરજ નિભાવી હતી.

કા.મુ. પટેલે રાજીનામા પત્રમાં જણાવ્યું છે કે, આ વખતની ચૂંટણીમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાથી અગ્રણીઓ સિધ્ધાર્થભાઈ પટેલ અને બળવંતસિંહ રાજપૂત દ્વારા ટેલીફોનિક સંદેશ દ્વારા પક્ષમાંથી ઉંઝા વિધાનસભાની ચૂંટણીના ઉમેદવાર તરીકે મૌખિક જાણ કરવામાં આવી હતી. બાદ છેલ્લી ઘડીએ મધરાત બાદ તેમને જાણ કરાયેલ કે આપને ટિકિટ ફાળવવામાં આવતી નથી અને તેની જગ્યાએ ડૉ. આશાબેન પટેલને ટિકિટ ફાળવવામાં આવે છે. જેથી પાર્ટી દ્વારા સત અવગણના થવાથી નારાજ થઈને કોંગ્રેસના સભ્યપદેથી તેમજ ડેલીગેટ તરીકે તાત્કાલિક અસરથી રાજીનામું આપીને આ અંગે પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા તથા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખને લેખિત જાણ કરી છે. કા.મુ. પટેલના ટેકામાં ઊંઝા શહેર કોંગ્રેસ પ્રમુખ રમેશભાઈ પટેલ, ઊંઝા વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ પવન પટેલ સહિત અન્ય ૫૦૦ જેટલા કાર્યકરોએ કોંગ્રેસમાંથી રાજીનામા આપ્યા હતા.

## હિંમતનગરના છાપરીયા વિસ્તારમાંથી વીસ હજારના નળ ચોરાયા

હિંમતનગર, તા.૩૦
સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર વિસ્તારના છાપરીયા કેનાલ પાસે એક દુકાન આગળ મૂકેલ સ્ટીલના નળ નંગ-૧૦ જેની કિંમત રૂ. ૨૦હજાર ની કોઈ ચોર ઈસમે ચોરી કરી લઈ ગયેલાની હિંમતનગર ટાઉન પોલીસ મથકે નોંધ થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૨૬-૧૧-૧૨ના રોજ બપોરે બે વાગ્યાથી સાંજના છ વાગ્યાના સુમારે હિંમતનગર છાપરીયા કેનાલ પાસે આવેલ સી.એસ.કે. દુકાન માલિક શ્રેણીકભાઈ બાબુભાઈ શાહની દુકાન આગળ પેક કરીને મૂકેલ સ્ટીલના માર્ક કંપનીના નળ નંગ-૧૦ કિં.રૂ. ૨૦,૦૦૦ કોઈ ચોર ઈસમ નજર ચુકવી ચોરી કરી લઈ ગયા અંગેની ફરિયાદ હિંમતનગર ટાઉન પોલીસ મથકે તા. ૩૦-૧૧-૧૨ના રોજ શ્રેણિકભાઈ બાબુભાઈ શાહ રહે. વખારીયાવાડ, હિંમતનગરનાઓએ ફરિયાદ નોંધાવી હતી. આ બાબતે હિંમતનગર ટાઉન પો.સ.ઈ. એન.જી. ગોહિલે આઈ.પી.સી. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## આઈડિયાએ સળંગ બીજા વર્ષે પ્રતિષ્ઠિત વર્લ્ડ કોમ્યુનિકેશન્સ એવોર્ડસ ૨૦૧૨ જીત્યો

મહેસાણા, તા. ૩૦
ભારતમાં ટેલિકોમ ક્ષેત્રે અગ્રણી સ્થાન ધરાવતી આઈડિયા વૈશ્વિક સ્તરે પણ ધૂમ મચાવવાનું ચાલુ રાખી રહી છે. તાજેતરમાં જ લંડન ખાતે યોજાયેલા એક સમારોહમાં તેણે હવે 'શ્રેષ્ઠ બ્રાન્ડ કેમ્પેઈન' કેટેગરી હેઠળ પ્રતિષ્ઠિત વર્લ્ડ કોમ્યુનિકેશન એવોર્ડસ ૨૦૧૨ (ડબલ્યુસીએ) મેળવ્યો છે.

પોતાના લોકપ્રિય 'ઉજી પોપ્યુલેશન કેમ્પેઈન' માટે ચાલુ વર્ષે પ્રતિષ્ઠા હાંસલ કરી ચૂકેલ આઈડિયા ડબલ્યુસીએ એવોર્ડસ ખાતે સળંગ બીજા વર્ષે પોતાની વિજયકૂચ જારી રાખે છે, અને આ સિદ્ધી હાંસલ કરનારી તે એકમાત્ર ભારતીય ટેલિકોમ બ્રાન્ડ છે. આઈડિયા ડબલ્યુસીએ ખાતેના વાર્ષિક ઈનામ વિતરણ સમારોહમાં વિજેતા તરીકે ઉપસી આવી હતી જેમાં વિશ્વની સૌથી મોટી અને શ્રેષ્ઠ સંદેશાવ્યવહાર પ્રોવાઈડર્સ ભાગ લે છે અને ગ્રાહકો સાથે પોતાની મજબૂત અસરકારકતા પૂરવાર કરનારી સંદેશાવ્યવહાર પહેલ આદરે છે.

વર્લ્ડ કોમ્યુનિકેશન એવોર્ડસમાં નવતર સંશોધનો, સિદ્ધીઓ અને આવતીકાલના ઉદ્યોગના નિર્માણમાં મદદરૂપ થનારી નવી સેવાઓ માટે જવાબદાર વ્યક્તિઓ અને કંપનીઓનું સન્માન કરાય છે જે તમામ કોમ્યુનિકેશન પ્રોવાઈડર્સ માટે ખુલ્લા હોય છે, પછી તે પરંપરાગત કેરિયર હોય, સર્વિસ પ્રોવાઈડર હોય, મલ્ટિમીડિયા કન્ટેન્ટ પ્રોવાઈડર હોય કે પછી કોમ્યુનિકેશન સેવા પુરી પાડનારી અન્ય કંપની ચાલુ વર્ષે દુનિયાભરમાંથી ડબલ્યુસીએ એવોર્ડસની ૧૮ ભિન્ન કેટેગરી માટે ૭૮ સંસ્થાઓ અને વ્યક્તિની ફાઈનલિસ્ટ તરીકે અંતિમ યાદી તૈયાર કરાઈ હતી.

આઈડિયાના સંશોધન અંગે ટોટલ ટેલિકોમના એમડી શ્રી રોબ ચેમ્બર્સે જણાવ્યું હતું કે, 'સળંગ બીજા વર્ષે આઈડિયા સેલ્યુલર શ્રેષ્ઠ બ્રાન્ડ કેમ્પેઈન માટે અતુલ્ય પ્રસ્તુતિકરણ કર્યુ હતું. તેણે જે રીતે વાસ્તવિક જીવનના મુદ્દાઓને આવરી લઈને સમાજમાં હાસ્ય અને કટાક્ષ સાથે સંદેશો પહોંચાડ્યો છે તેનાથી અમે પ્રભાવિત થયા છીએ. અમને આશા છે કે આઈડિયા સેલ્યુલર આ રીતે ભાવિ ટોટલ ટેલિકોમ આયોજિત એવોર્ડમાં સક્રિયપણે ભાગ લેતી રહેશે.

આ જીત અંગે આઈડિયા સેલ્યુલરના ચીફ માર્કેટિંગ ઓફિસર, શ્રી શશીશંકરે જણાવ્યું હતું કે, 'આઈડિયાએ ભારતની સૌથી પ્રીતિપાત્ર બ્રાન્ડમાની એક તરીકે ઉપસી આવી છે. તેણે ગ્રાહક સંદેશાવ્યવહાર ક્ષેત્રે નવા સીમાચિન્હો સ્થાપિત કર્યા છે અને ભારતીય શ્રોતાઓ સાથે બ્રાન્ડ જોડાણને સુદ્દઢ બનાવ્યું છે. વર્ષોવર્ષ વર્લ્ડ કોમ્યનિકેશન એવોર્ડસ જેવા પ્રતિષ્ઠિત વૈશ્વિક મંચ પણ અમારા પ્રયાસોની કદર થતી જોવી અમારા માટે ઉમળકાની વાત છે.'

## સાબરકાંઠાની ૭ બેઠકો પર કુલ ૧૩૯ ઉમેદવારીપત્રો ભરાયા

પ્રાંતિજ, તા.૩૦
સાબરકાંઠા જિલ્લાની વિધાનસભાની ૭ બેઠકો માટે આજે કુલ ૧૩૯ ઉમેદવારી પત્રો ભરાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાની વિધાનસભાની ૭ બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાના છેલ્લા દિવસો હિંમતનગરમાં ૩૮, ઈડરમાં ૧૭, ખેડબ્રહ્મામાં ૧૪, ભિલોડામાં ૧૪, મોડાસામાં ૧૭, બાયડમાં ૧૮ અને પ્રાંતિજમાં ૨૧ મળી કુલ ૧૩૯ ઉમેદવારી પત્રો ભરાયા છે.



## ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી શંકરભાઈ ચૌધરીએ ઉમેદવારીપત્ર ભર્યું

આજે અભૂતપૂર્વ જનમેદનીની ઉપસ્થિતિમાં વાવ વિધાનસભા બેઠક ઉપર ઉમેદવારીપત્ર રજૂ કર્યું હતું. એટા ખાતે પ.પૂ. આનંદ પ્રકાશ બાપુની તપોભૂમિ અને ઢીમા ધરણીધર ભગવાનના દર્શન અને શુભાશિષ સાથે વિશાળ સંખ્યામાં ટેકેદારો સાથે આવી પહોંચેલા શંકરભાઈ ચૌધરીનેઆવકારવા અભૂતપૂર્વ જનમેદની ઉમટી હતી ભારત માતા કી જય અને વંદે માતરમના જયઘોષ સાથે સમગ્ર વાવપથંકમાં કેશરીયો માહોલ સર્જાયો હતો. પ્રજાના અભૂતપૂર્વ પ્રેમને જોઈ શંકરભાઈ ચૌધરી પણ ભાવવિભોર બન્યા હતા અને જણાવેલ કે આ વિસ્તારના મતદારો મને ત્રણ ત્રણ વખત વિજય બનાવવામાં સહભાગી બન્યા છે. રાધનપુર–સાંતલપુરના વિકાસની સાથે વાવ–સૂઈગામનો પણ વિકાસ થયો છે. પરંતુ આ વિકાસ હજુય અધુરો લાગે છે. ત્યારે આ વિકાસયાત્રાને આગળ વધારી સરહદી વિસ્તારને સર્વશ્રેષ્ઠ બનાવવો છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રમોદીની દીર્ઘદષ્ટિ સાથે થયેલા વિકાસ કાર્યો સાથે જીલ્લામાં સરહદી વિસ્તારમાં આવેલ નર્મદાના નીરે આ વિસ્તારની કાયાપલટ કરી છે ત્યારે આ કેનાલોના નીર ખેતરે ખેતરે પહોચાડવાનો નિર્ધાર શ્રી ચૌધરીએ વ્યકત કર્યો હતો. અને સરકારના એક સેવક તરીકે પ્રજા માટે મથામણ કરવાની નેમ વ્યકત કરી હતી.

## સમયસર (પાના નં. ૨ નું ચાલુ)

(પાના નં. ૨ નું ચાલુ)

સંઘના 'મગજ' તરીકેની નામના ધરાવતા એસ. ગુરૂમૂર્તિએ એમને કલીન ચીટ નથી આપી બલકે સામેથી પક્ષને સલાહ આપી છે કે વ્યવસાય - ધંધો કરતા વેપારીઓએ પાર્ટીના હોદ્દા પર ન બેસવું જોઈએ.

૨૦૧૪ની સામાન્ય ચૂંટણી પહેલાં ભાજપ પ્રજા સમક્ષ વધુને વધુ નબળો પુરવાર થતો જાય છે. ગુજરાતની ચૂંટણીમાં વાપરવા લાયક કસાબની ફાંસીનો મુદ્દો એની પાસેથી છીનવાઈ જવા પામ્યો છે અને અફઝલ ગુરૂની પણ હવે ઘડીઓ ગણાઈ રહી છે. લોકોને ઉશ્કેરીને, એમની ધાર્મિક લાગણીઓ બહેકાવીને ભાજપ ફરી વાર સત્તા હાંસલ કરવાની વ્યૂહ રચના કરી રહ્યો છે, એ મુદ્દે પણ હવે એને કરેલું અને કેવું જનસમર્થન સાંપડશે તે સમય જ કહેશે. અલબત્ત, કોંગ્રેસ સામે બેશુમાર પડકારો અને અનરાધાર આરોપો છે જ. ત્રીજો મોરચો આ બેઉ મુખ્ય પક્ષોની નબળી નસ દબાવવા ટાંપીને બેઠો છે. એકમેક સામે શિંગડાં ભરાવી રહેલા રાજકીય પક્ષો રૂપી આખલાઓની લડાઈમાં પ્રજારૂપી ઝાડોની બૂરી વલે થઈ છે.

## આપણા સૌના ઘરનાં ઘરમંદિરમાં....

(પાના નં. ૨ નું ચાલુ)

આપણું આ શરીર પણ એક કોડિયું છે, શરીરના કોડિયામાં આત્માની જ્યોત પ્રગટે છે ત્યારે એ જીવાત્મા બની જાય છે અને તેમાં ચેતના - પ્રાણ - જીવ - નો સંચાર થાય છે. આ જ્યોતને પ્રજ્જવલિત રાખવા ચાર પુરૂષાર્થ ધર્મ - કર્મ - કામ અને મોક્ષ રૂપી ઘી-તેલ આપવું પડે છે. પરમાત્મા પછી ખુશ થાય છે. એ જ્યોતના અજવાળે આપણી સાચી દિવાળી સાર્થક થાય છે.

દીપમાળા સાથે કહેવારોની એક સળંગ હારમાળા આપણા સૌ માટે નોળવેલનું કામ કરે છે. વાક્બારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતું નૂતનવર્ષ, ભાઈબીજ - આવા તહેવારો ભારત સિવાય બીજા કોઈ દેશમાં ઉજવાતા બતાવો તો ખરાં? ધરતી ઉપરનાં આ તહેવારોની ખુશી જોઈ દેવોને પણ ઈર્ષ્યા આવી અને એમણે પણ દેવદિવાળી ઉજવવાનું શરૂ કરી દીધું. મેરા ભારત મહાન!!

ગમે ત્યાં વેદ જૂની વેદના જૂની જ હોવાથી;
રૂપાની દીવડીમાં વાટ તો રૂની જ હોવાની
એ અર્થમાં દિવાળીના આ પર્વોમાં કોઈની વેદના
દૂર કરી કોઈનાં આંસૂ લૂછી કોઈના સ્મિતને જોવાનો લ્હાવો એ જ આપણી સાચી દિવાળી બની રહો.

કુપકો દીપક સપૂત હૈ, મુખકો દીપક પાન;
ઘરકો દીપક નારી હૈ, નરકો દીપક જ્ઞાન.
જ્યોત સે જ્યોત જગાતે ચલો... પ્રેમકી ગંગા બહાતે ચલો...

- પી.એમ. પરમાર (દર્શન)